**DATE: 15/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–01**

# અંકલેશ્વરની હોટલ સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર વિસ્તારમાં વિવિધ હોટલ અને ગેસ્ટ હાઉસમાં રોકાયેલાં મુસાફરો વિશે માહિતી મેળવવા એસઓજીની ટીમ ચેકિંગ કરી રહી છે. દરમિયાનપ્રતિન ચોકડી પર આવેલી મેસ્ટીક હોટલમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં હોટલ રજીસ્ટરમાં 580 મુસાફરો રોકાણ કર્યું હોવાનું નોંધ્યું હતું જ્યારે સોફ્ટવેરમાં 491 ની જ એન્ટ્રી કરવામાં આવી હતી. જેને લઈ જાહેરનામાનો ભંગ કરવા બદલ મેનેજર મોહમ્મદ યુસુફ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે પથિકમાં એન્ટ્રી કરવા સુચના આપી છે.

**DATE: 15/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR A PAGE–01**

# અંક્લેશ્વરમાંથી ચાર જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરનાગડખોલ પાટિયા વિસ્તારમાં આદિત્ય નગરના મકાન નંબર બી 51 ના પાછળ ના ભાગેખુલ્લા માં મોટપ પાયે જુગાર રમવામાં આવી રહ્યો છે. પોલીસે દરોડા પડતા પોલીસે જુગાર રમતા હસ્તબહાદુરગુરંગ, લાલબહાદુર બિસ્ત , રાજકુમાર મલ્લા અને મીન બહાદુર ખનાલને ઝડપી પાડ્યા હતા. પોલીસ એ અંગઝડતી માંથી 18,000 તેમજ દાવ પર લાગેલા 3,400 રૂપિયા મળી કુલ 21,400 રૂપિયા રોકડા જપ્ત કર્યા હતો.

**DATE: 16/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# અંકલેશ્વરની સગીરાને લગ્નની લાલચે ભગાડી જનાર પિતરાઈ ભાઈ ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાંથી ૧૫ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી ભગાડી જનાર પિતરાઈભાઈને જી.આઈ.ડી.સી. પોલીસે અમદાવાદ ખાતેથી ઝડપી પાડ્યો છે. અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષ ૯ મહિનાની સગીરાને યુપીના મનગાવ ગોઠા ખાતે રહેતો પિતરાઈ ભાઈ ગત તા. ૧૯મી એપ્રિલના રોજ પટાવી ફોસલાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી ભગાડી ગયો હતો. આ અંગે સગીરાની માતાએ જી.આઈ.ડી.સી. પોલીસ મથકે સગીરાના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી યુવક તેમજ સગીરાને અટક કર્યા હતાં. સગીરાએ પોલીસ સમક્ષ એવું નિવેદન આપ્યું હતું કે હું મારી મરજીથી પિતરાઈ ભાઈ સાથે ભાગી ગઈ હતી અને મારી મરજીથી તેની સાથે અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. હાલ તુરંત પોલીસે સગીરાને ભગાડી જનાર પિતરાઈ સામે કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.

DATE: 16/05/2023 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE–10

# હાંસોટ પોલીસ મથકે જિલ્લા પોલીસ વડાનો લોકદરબાર યોજાયો

હાંસોટ પોલીસ મથકે ડીએસપીની ઉપસ્થિતિમાં લોકદરબારનું આયોજન કરાયુ હતું. જેમાં તાલુકાના તમામ ગામોના સરપંચ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ દ્વારા હાંસોટનું આવનાર દિવસોમાં મહત્વ ખૂબ વધી જવાનું હોય અત્યારથી જ આગોતરૂ આયોજન કરી જ્યાં જરૂર હોય તેવા પગલા લઈ કાર્યવાહી કરવાની સૂચના હાંસોટના પી.આઈને કરી હતી. જ્યારે ઉપસ્થિત આગેવાનોમાંથી મુખ્યત્વે સીસીટીવી કેમેરા તથા અકસ્માતને રોકવાના પગલા અંગે ચર્ચા કરાઈ હતી.

**DATE: 16/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં 3 સ્થળેથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગોયા બજાર ખાતે રહેતા મુકેશ વસાવા ને 45 નગ બિયર બોટલ સાથે એલસીબીએ ઝડપી પાડ્યો હતો જ્યારે તેને દારૂનો જથ્થો આપનારા ઈમરાન ઉર્ફે મરઘીને ફરાર જાહેર કર્યો હતો. બીજા દરોડામાં દિવા ગામ ખાતે લલિતા વસાવાને ત્યાંથી દારૂની 15 બોટલ ઝડપી પાડવામાં આવી હતી. તો નવી વસાહત મોદી નગર સામે પણ ચંદ્રિકા વસાવાને ત્યાં દરોડા પાડી તેના ઘરમાંથી 23 બોટલ કબજે લેવામાં આવી છે.

### એલસીબીની ટીમે એક યુવાનની અટકાયત કરી પૂછપરછ આદરી

# રીગલ એપાર્ટમેન્ટની દુકાનમાંથી 16 વેલ્ડિંગ મશીનનો જથ્થો જપ્ત કરાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલા રીગલ એપાર્ટમેન્ટની દુકાનમાંથી શંકાસ્પદ રીતે મુકવામાં આવેલ 16 ઈલેક્ટ્રીક વેલ્ડીંગ મશીન કિં.રૂ.2.77 લાખના મુદ્દામાલ સાથે એક ઈસમને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો હતો.

કાપોદ્રા રોડ ઉપર આવેલા રીગલ એપાર્ટમેન્ટમાં નીચેની શટરવાળી દુકાનમાં વેલ્ડીંગ મશીનનો શંકાસ્પદ મુદ્દામાલ સંતાડી રાખવામાં આવ્યો છે. એલસીબીની ટીમ માહિતીના આધારે તે સ્થળ ઉપર તપાસ કરતા દુકાનમાંથી ઈલેક્ટ્રીક વેલ્ડીંગ મશીન નંગ-16 મળી આવ્યા હતાં.એલસીબીએ આ ગુનામાં હેમરાજ પ્રભુલાલ પ્રજાપતિ નામના ઈસમને ઝડપી પાડી.પૂછતાછ આરંભી છે.પોલીસે હાલમાં તેના વિરુદ્ધ સી.આર.પી.સી સંલગ્ન કલમ



મુજબની કાર્યવાહી કરી જીઆઈડીસી મથકે સોંપવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પરથી ઈલેક્ટ્રીક વેલ્ડીંગ મશીન નંગ-16 કિ.રૂ.2,72,000 લાખ, મોબાઈલ નંગ-01 કિ.રૂ. 5,000 મળીને કુલ રૂ.2.77,000 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

**DATE: 16/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચમાં યુવતીઓને આત્મરક્ષણના પાઠ શીખવવામાં આવ્યાં

# માત્ર વેલણ નહિ પણ આ હાથ 3 કિલો વજનની રાઈફલ ઉપાડવા પણ સક્ષમ

## 0.22 રાઇફલથી 224 તાલીમાર્થીઓએ વિશેષ તાલીમ મેળવી



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની યુવતીઓ આપત્તિ કે મુશ્કેલીના સમયે પોતાનો બચાવ કરી શકે તે માટે પોલીસ વિભાગ તરફથી એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો હતો. 15 વર્ષની કિશોરીઓથી માંડી 25 વર્ષની યુવતીઓ વેકેશનનો સદુપયોગ કરી કંઇ નવું શીખે તે માટે તેમને રાઇફલ ચલાવવાની તાલીમ આપવામાં આવી હતી.

ભરૂચ પોલીસ તથા સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે પોલીસ હેડક્વાર્ટર્સના ફાયરિંગ બટ ખાતે બે દિવસીય તાલીમ શિબિર યોજવામાં આવી હતી, જેમાં જિલ્લાભરમાંથી 15 થી 25 વર્ષ સુધીની 224 જેટલી કિશોરીઓ અને યુવતીઓએ ભાગ લીધો હતો. પોલીસ હેડક્વાર્ટર્સના આરપીઆઇ પી.એમ. પટેલ તથા તેમના સ્ટાફે તાલીમાર્થીઓને તાલીમ આપી હતી. બે તબક્કામાં યોજાયેલી તાલીમના પ્રથમ ચરણમાં 0.22 રાઇફલ વિશેની માહિતી, રાઇફલમાંથી ફાયરિંગ કેવી રીતે કરવું તથા તેનું પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. બીજા ચરણમાં બેઝ ફાયરિંગની પ્રેક્ટીસ કરાવવામાં આવી હતી. બે ચરણમાં 224 જેટલી યુવતીઓને તાલીમ બદ્ધ કરવામાં આવી હતી. તાલીમાર્થીઓએ પણ સાબિત કરી બતાવ્યું હતું કે, જે હાથ વેલણ પકડી શકે છે તે 3 કિલો વજનની રાઇફલ પણ ઉપાડી શકે છે.

### સ્વરક્ષણની તાલીમ આપવાના ભાગરૂપે આયોજન

ભરૂચ જિલ્લામાં કિશોરીઓ અને યુવતીઓની સલામતી અને સુરક્ષા માટે પોલીસ અનેકવિધ પગલાં ભરી રહી છે. ગત વર્ષે પણ પોલીસ હેડક્વાર્ટર્સમાં નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું હતું. વેકેશનમાં યુવતીઓને રાઇફલ ચલાવવાની તાલીમ આપી તેમને સ્વરક્ષણ માટે જાગૃત કરવાનું અમારૂ આયોજન હતું અને તેમાં તાલીમાર્થી બહેનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.■ ડૉ. લીના પાટીલ, એસપી, ભરૂચ.

**DATE: 16/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### સુરતના શખ્સ પાસેથી આઇડી મેળવી હતી

# શેરપુરા ગામે ઓનલાઈન સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમ ચોક્કસ બાતમીના આધારે શેરપુરા ગામે આવેલાં ક્રિકેટ મેદાનમાં પહોંચી ગઈ હતી. જ્યાં ટીમે સલીમ ઉસ્માન કાકુજી નામના શખ્સને મોબાઈલમાં આઈપીએલ પર સટ્ટો રમતાં ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પસોથી અન્ય 3 કિપેડ મોબાઈલ પણ ઝડપી પાડ્યાં હતાં. જેમાં તેણે અન્ય ગ્રાહકો સાથે આઈપીએલ ક્રિકેટ પર ઓવર, રન વગેરેનો સટ્ટો રમવાની રકમની વાતચીતનું રેકોર્ડિંગ પણ મળી આવ્યું હતું. પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, તેણે સુરતના કોસાડ ખાતે રહેતાં મહંમદ પટેલ નામના શખ્સ પાસેથી આઈડી મંગાવી દસ ટકા પેટે અન્ય ગ્રાહકોને તે આઈડી આપતો હતો. તેણે પોતાની આઈઈડી મારફતે જંબુસરના સારોદ ગામના સફુ નામના શખ્સ સાથે સટ્ટો રમી રહ્યો હતો. જેના પગલે ટીમે કોસાડના મહંમદ પટેલ તેમજ સારોદ ગામના સફુ નામના શખ્સોને વોન્ટેડ જાહેર કરી તમામ વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સુથિયાપુરાનો બૂટલેગર ઝબ્બે એક ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમે શહેરના લોઢવાણના ટેકરા પાસે આવેલાં અંબાજી માતાના મંદિર પાસેથી ફિરોજ ઉર્ફે બાદશાહ રફીક સીદી (રહે. દાંડિયાબજાર, સુથિયાપુરા) નામના શખ્સને શંકાના આધારે રોકી તેના પાસેની થેલી તપાસતાં તેમાં વિદેશીદારૂની બોટલો મળી આવી હતી. જે તેને બરાનપુરાનો જીતુ ખત્રી આપી ગયાંનું તેણે કબુલ્યું હતું. પોલીસે તેને ફરાર જાહેર કર્યો હતો. બનાવ સંદર્ભે એ ડિવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# અંકલેશ્વરની પરિણીતાના આપઘાત કેસમાં પતિ, સાસુ-સસરાની ધરપકડ

**ભાટવાડની** મુસ્લિમ પરિણિતાના અપમૃત્યુ અંગે પોલીસે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો

**7 માસ** પૂર્વે જ નિકાહ થયાં હતાં અને સંતાન માટે મ્હેણાં-ટોણાં મારી પતિ મારઝૂડ કરતો હતો

ભરૂચ: અંકલેશ્વરમાં ભાટવાડની પરિણીતાએ લગ્નજીવનના 7 મહિનામાં જ પતિ અને સાસરિયાના ત્રાસથી 3 દિવસ પહેલા ગળેફાંસો ખાઈ કરેલા આપઘાતના બનાવમાં પોલીસે ગુનો નોંધી પતિ, સાસુ-સસરાની ધરપકડ કરી છે.

અંકલેશ્વરના તાડ ફળિયામાં રહેતા અહેમદ કુરેશીની 7 દીકરીઓ પૈકી ત્રીજા નંબરની પરવીનના નિકાહ સમાજના રીતિ રિવાજ મુજબ 2 ઓક્ટોબર 2022ના રોજ થયા હતા. ભાટવાડ દરગાહની બાજુમાં રહેતા સાબિર શેખ સાથે પરવીનનો લગ્ન સંસાર 4 મહિના સુધી જ સુખમય ચાલ્યો હતો. પરિણીતાને સંતાન થતું ન હોય પતિએ પોત પ્રકાશી મારઝૂડ શરૂ કરી હતી. સસરા શબ્બીર ઉર્ફે લાલુ અને સાસુ જાહિદાબેન પણ વાંઝીયણ કહી ત્રાસ આપવા લાગ્યા હતાં. પતિ તું મને પસંદ નથી, હું બીજી પત્ની લાવી સંતાનો પેદા કરીશ, એવું કહી અવારનવાર માર મારતો. જે અંગે પરિણીતાએ પિતા અને માતા ફિરોજાબેનને પણ જાણ કરી હતી. ત્રણ વખત સમાજને વચ્ચે રાખી સમાધાન કરાવાયું હતું.

ગત 12 મેના રોજ પરવીને માતાને ફોન કરી પતિએ ફરી મારઝૂડ કરી હોવાનું અને સાસરિયા તું મરી જા કહેતા હોવાની વેદના કહી હતી. 13 મેના રોજ માતાએ ફોન કરી પતિ અહેમદભાઈને તેમની દીકરીએ ગળેફાંસો ખાઈ લીધો હોવાનું કહ્યું હતું. પિતા અહેમદભાઈએ દીકરીના આપઘાતમાં પતિ સાબિર, સસરા શબ્બીર અને સાસુ જાહિદાબેન સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો અંકલેશ્વર શહેર પોલીસ મથકે નોંધાવ્યો હતો. પોલીસે પતિ, સાસુ અને સસરાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 17/05/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# અંકલેશ્વરમાંથી દારૂ સાથે એક આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે દારૂ અંગે ની મળેલી માહિતીના આધારે પ્રતિન ચોકડી વિસ્તાર માંથી સુરવાડીના અશોક વસાવાને ઝડપી પાડ્યો હતો .પોલીસે રૂપિયા 25,400 ની કિંમતનો દારૂનો જથ્થો અને મોબાઈલ મળી કુલ રૂપિયા 30,400 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ દારૂ મંગાવનાર મહેન્દ્ર વસાવા ,અર્જુન વસાવા અને અજ્જુ નામના શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે .

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# રાજપારડીમાંથી 12 હજારનો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

રાજપારડીના માધુપુરા નવી નગરીમાં રહેતા પ્રકાશ વસાવાએ ફળિયામાં રહેતા અમિત વસાવાના ઘરમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. પોલીસે ઘરમાં તપાસ કરતા ઘરમાંથી 12 હજારની કિમંતનો દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે અમિત વસાવાની ધરપકડ કરી છે જ્યારે પ્રકાશ વસાવાને ફરાર જાહેર કરી તેને ઝડપી પાડવા કવાયત આદરી છે.

**DATE: 18/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચના ફરાસખાના સંચાલક પિતા-પુત્રને ત્યાં દરોડા : પિતા સહિત 6 ફરાર

# મંડપના બદલે દારૂની મહેફિલો સજાવવાનો વેપલો, 4 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ ભરૂચના

તાડિયા વિસ્તારમાં ભાથીજી મંદીર પાસે રહેતાં જયંતી મંગળદાસ મિસ્ત્રી તેમજ તેમનો પુત્ર પરેશ ફરાસખાનાના વ્યવસાયની આડમાં વિદેશીદારૂ મંગાવી પોતાના ઘરમાં ફરાસખાનાના ગોડાઉનમાં દારૂ રાખી વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એલસીબીના પીએસઆઇ પી. એમ. વાળા અને તેમની ટીમને મળતાં ટીમે સ્થળ પર દરોડો પાડતાં દારૂની બોટલોના બોક્ષ સગેવગે કરતાં પરેશ જંયતિ મિસ્ત્રી, અજય મહેશ વસાવા(રહે. ગોકુલનગર), ભાવિન દિલીપ પટેલ ( રહે. કુકરવાડા) તેમજ આકાશ વિનોદ વસાવા (રહે. તાડિયા)ને ઝડપી પાડ્યાં હતાં. ટીમે ગોડાઉનમાંથી 1.36 લાખની મત્તાના દારૂના જથ્થા સહિત કુલ 1.45 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રાથમિક પુછપરછમાં પરેશે જણાવ્યું હતું કે, તેના પિતા જયંતી મંગળદાસ મિસ્ત્રીએ દમણના તેમના પરીચિત રાહુલ નામના શખ્સો સંપર્ક કરી વિદેશીદારૂ ભરેલી ફોરવ્હિલ મંગાવી હતી. માલ આવવાનો હોઈ ઉતારવા માટે બે-ત્રણ છોકરા બોલાવી રાખવા જણાવ્યુંહ તું. દરમિયાનમાં ઈકો કારમાં આવેલાં બે શખ્સોએ તેમના ગોડાઉનમાં કાર પાર્ક કરી હતી. જેમાંથી ભરૂચના દુબઈ ટેકરી ખાતે રહેતો પંકજ ભરત ગોહિલ તેની કારમાં જ્યારે વાગરાનો મુકેશ રમેશ પટેલ બાઈક પર દારૂનો કેટલોક જથ્થો લઈ ગયો હતો. પોલીસે ઝડપાયેલાં પુત્ર તેમજ ત્રણ મજુરો સહિત ફરાર થઈ ગયેલાં પિતા સહિત 6 જણા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. બુટલેગરોને પ્રસંગોમાં મંડપ સજાવવાના બદલે મહેફિલો સજાવવાની પ્રવૃતિ કરતાં હતાં.

**DATE: 19/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં બોગસ પેઢી બનાવી જીએસટી નંબર મેળવી કરચોરી કરતો સુરતનો શખ્સ ઝડપાયો

**સુરતના** શખ્સે અંકલેશ્વરમાં મેસર્સ શા ટ્રેડિંગ નામની પેઢી દર્શાવી કરોડોની કરચોરી કરી

અંકલેશ્વર: અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસે સિલ્વર સિટીમાં ભાડા કરાર કરી બોગસ પેઢી ઊભી કરી જીએસટી નંબર મેળવી 1.04 કરોડ ઉપરાંતની કરચોરી કરતા સુરતના એક શખ્સને ભરૂચ એસઓજી પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.1.04 કરોડની જીએસટીની ચોરીના ગુનામાં ભરૂચ એસઓજી પોલીસે વધુ એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં 14 ડિસેમ્બર-2022ના રોજ ભરૂચ એસ.ઓ.જી. પીએસઆઈ કે.બી.મીર દ્વારા જી.એસ.ટી. વિભાગ તરફથી આવેલી ફરિયાદના આધારે મેસર્સ શા ટ્રેડર્સ નામની બોગસ પેઢી સામે ફરિયાદ નોંધાવી હતી. તેમાં તપાસ કરતાં દર મહિને રૂ.15 હજારની આર્થિક લાભ મેળવવા માટે પોતાના આધારકાર્ડ, પાનકાર્ડ વગેરે ડોક્યુમેન્ટ આપી ભાડા કરાર કરી તેના આધારે જીએસટી નંબર મેળવ્યો હતો. જેમાં એક્સિસ બેંકમાં પોતાના નામનું એકાઉન્ટ ખોલાવી ડોક્યુમેન્ટ આપીને અંદાજિત રૂ.80 હજારનો લાભ મેળવી ગુનો કર્યો હતો. જેની તપાસ એસઓજી પોલીસે હાથ ધરતાં આ શખ્સે આર્થિક



લાભ મેળવવા કાવતરું રચી તેમણે મેળવેલા જીએસટી નંબરના આધારે રૂ.1,04,52,416 બેંકમાં જમા કરી નાણાં RTGS/IMPSથી ટ્રાન્સફર કર્યા હતા અને જીએસટીની ચોરી કરી હતી. જેની ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે માહિતી મેળવી ઊંડાણપૂર્વક તપાસ કરતાં પ્રથમ સુરતના જાકિર શા બાપુ શા દિવાનને ગત તા.29મી એપ્રિલના રોજ અટકાયત કરી હતી. એસ.ઓ.જી. પોલીસે ત્યાર બાદ સુરતના સચિન વિસ્તારમાં રહેતા અન્ય આરોપી અહમદ રહમત સાલેમ શેખને તા.17 મી મેના રોજ અટક કરી રિમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરી હતી. આમ, જીએસટી ચોરીના કૌભાંડનો પર્દાફાશ કરી ગુનામાં સંડોવાયેલા વધુ કરચોરોને ઝડપી પાડવાની કવાયત ચાલુ છે.

**DATE: 19/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# રાજપારડીના ગુંડેચાથી હત્યાના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

રાજપારડી પોલીસે હત્યાના ગુનામાં સાત વર્ષથી નાસતા ફરતા આરોપીને ગુંડેચા નજીકથી ઝડપી લીધો હતો. રાજપારડી પોલીસ સ્ટેશનના અ.હે.કો. દિલીપભાઈને બાતમી મળી હતી કે રાજપારડી પોલીસ સ્ટેશનમા નંધાયેલ ગુનાનો છેલ્લા સાત વર્ષથી નાસતો ફરતો આરોપી સુરેશભાઇ ગોવિંદભાઇ વસાવા હાલ રહે. સલાટપુર, ટેબાફળીયું, તા.તલોદ, જિ. સાબરકાંઠા અને મુળ રહે. નવા માલજીપુરા, સારસા ડુંગરવાળુ ફળિયું, તા.ઝઘડિયા, ભરૂચના ગુંડેચા ગામ તરફ જવાનો છે. આ બાતમીના આધારે પોલીસે ગુંડેચા જવાના રસ્તા ઉપર વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમી મુજબનો ઈસમ આવતા આ ઈસમને રોકીને પુછપરછ કરી હતી. આ ઈસમને નંધાયેલ ગુનાના કામે હસ્તગત કરીને પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 19/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# અંકલેશ્વરના કાપોદ્રા રોડ પર શંકાસ્પદ ભંગારનો જથ્થો ભરેલ ટેમ્પો સાથે એક શખસ ઝડપાયો

અંકલેશ્વર તાલુકા ના કાપોદ્રા રોડ પર થી તાલુકા પોલીસે શંકાસ્પદ ભંગાર નો જથ્થો ભરેલ ટેમ્પા સાથે ચાલક ની અટકાયત કરી ભંગાર નો જથ્થો અને ટેમ્પો મળી કુલ રૂપિયા ૨ લાખ ૨૫ હજારનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર તાલુકા પોલીસ ની ટીમ કાપોદ્રા ગામ વિસ્તારમાં વાહન ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન એક ટેમ્પો પસાર થઈ રહ્યો હતો જે ટેમ્પા ને રોકી તપાસ કરતા અંદર થી લોખંડ ના ભંગાર નો જથ્થો મળી આવ્યો હતો જે અંગે પોલીસે ટેમ્પો ચાલક પાસે ભંગાર ના જથ્થા ના બિલ તેમજ પાસ પરમીટ માંગતા તેણે રજુ ન કરી ને સંતોષકારક જવાબ નહિ આપતા . પોલીસે ટેમ્પો ચાલક મોહમ્મદ આમિર મોહંમદ યુનુસ સિદ્દીકી ની અટકાયત કરી હતી. તેમજ ટેમ્પા માં ભરેલ રૂપિયા ૨૫ હજાર ઉપરાંત નો ભંગાર નો જથ્થો અને ૨ લાખ નો ટેમ્પો મળી કુલ ૨. લાખ ૨૫ હજાર ઉપરાંત નો મુદામાલ કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 20/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# પીપદરામાં છૂટાછેડાનો ભય લાગતાં બનેવીએ સાળાનું અપહરણ કર્યું

**પોલીસે** ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડ્યા

ઝઘડિયાઃ ઝઘડિયાના પીપદરા ગામમાં છૂટાછેડાના ભણકારા આવતાં બનેવીએ ટાટા સુમો ગાડીમાં અન્ય 6 ઈસમ સાથે ધસી આવી સાળાને માર મારી અપહરણ કર્યું હતું. આ મામલો પોલીસે ગણતરીના દિવસમાં ઉકેલી કાઢી મુખ્ય સૂત્રધારને દબોચી લીધો હતો.

ઝઘડિયાના પીપદરા ગામના સંજાલી ફળિયામાં રહેતા ભીખા ગોપાલ ભાટિયાની પુત્રી વૈશાલીનાં લગ્ન નેત્રંગના કોયલી માંડવી ગામના હાર્દિક શૈલેશ વસાવા સાથે થયાં હતાં. જેને તેના પતિ સાથે અણબનાવ થતાં પાંચ દિવસ પહેલાં તે પિયરમાં આવી ગઈ હતી. દરમિયાન ગત તા.૧૫મી મેના રોજ ભીખાભાઈ ભાટિયા અને તેનાં પત્ની, પુત્ર સુનીલ તેમજ પુત્રી વૈશાલી ડભોઈ ખાતે પુત્રીના છૂટાછેડા લેવાના હોવાથી વકીલને મળવા ગયાં હતાં. એ વેળા તેઓના સંબંધીને ત્યાં રોકાયા હતા. ત્યારે ગતરોજ જમાઈ હાર્દિક શૈલેશભાઈ વસાવા અને અન્ય બે મહિલા સહિત છ લોકો લાકડાના સપાટા સાથે ટાટા સુમોમાં સવાર થઈ પીપોદરા ગામે આવ્યા હતા અને ભીખાભાઈના ઘરમાં ઘૂસી જઈ અંદર સૂતેલા તેઓના પુત્ર મિતેશભાઈને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી બળજબરીપૂર્વક અપહરણ કરી જતા રહ્યા હતા. જમાઈ દ્વારા પુત્રના અપહરણ અંગે પિતાએ રાજપારડી પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણ અંગેની ફરિયાદ નોંધી ગણતરીના કલાકોમાં અપહરણ થયેલ યુવાનને મુક્ત કરાવી મુખ્ય આરોપી સહિત ચાર ઈસમને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય બેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 20/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# દ. ગુજરાતમાં વાયા પાનોલી દારૂ ઘુસાડવાના કૌભાંડ સામે સુરત-ભરૂચ પોલીસનું રિહર્સલ સાથે કોમ્બિંગ

## કોસંબા પોલીસે તાજેતરમાં રૂા. ૨૫.૭૨ લાખના દારૂના જથ્થા સાથે ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ કરી હતી

। અંકલેશ્વર ।

વિદેશી દારૂ ભરૂચ જિલ્લામાં ઘુસાડવા માટે હવે પાનોલીનો ઉપયોગ થઈ રહ્યો છે જેની સામે સુરત અને ભરૂચ પોલીસે સહિયારું ઓપરેશન શરૂ કરીને આ બદીને અટકાવવાનું પગલું ભર્યું છે.

તારીખ ૧૫ મેના રોજ કોસંબા પોલીસે ૨૫ લાખ ૭૨ હજાર રૂપિયાની ૧૫૦૦૦ બોટલ દારૂ સાથે ટ્રક ચાલક હરદયાળસિંહ અને ક્લીનર કુશળસિંહની ધરપકડ કરી હતી. તપાસ દરમ્યાન અંકલેશ્વરના બુટલેગર જીગો ઉર્ફે જીગ્નેશ કિરીટભાઈ પરીખ દ્વારા દારૂનો જથ્થો મંગાવાયો હોવાનું બહાર આવ્યું હતું.

દક્ષિણ ગુજરાતમાં વાયા પાનોલી દારૂ ઘુસાડવાના કાવતરાના મૂળ સુધી પહોંચવા ભરૂચ અને સુરત રૂરલ પોલીસ આક્રમક મૂડમાં જોવા મળી હતી. સુરત રૂરલ પોલીસે લાખો રૂપિયાના દારૂ સાથે ઝડપાયેલા બે ખેપિયાઓને પાનોલી નજીક આવેલી હોટલ લેન્ડમાર્ક પાસે લાવી રિહર્સલ દ્વારા બુટલેગરોની મોડ્સ ઓપરેન્ડી જાણવાનો પ્રયાસ કર્યો તો બીજી તરફ ભરૂચ પોલીસે ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ અને અંકલેશ્વર ડિવિઝન પોલીસની મદદથી આખા પાનોલીને ધમરોળ્યું હતું. ભરૂચ પોલીસની એક ટીમે આરોપીઓની પૂછપરછ પણ કરી હોવાની વિગતો જાણવા મળી રહી છે. દારૂના વેપલાને અટકાવવા અને ગુનેગારો સુધી પહોંચવા ભરૂચ પોલીસ પણ એક્ટિવ રોલમાં જોવા મળી છે. પોલીસ મહાનિરીક્ષક વડોદરા - સંદિપસિંહ તથા ડો. લીના પાટિલ - પોલીસ અધિક્ષક ભરૂચની આગેવાનીમાં અસામાજિક પ્રવૃતિઓ પર અંકુશ લાવવા પાનોલી પોલીસ સ્ટેશન વિસ્તારના તમામ યુનિટ, કંપનીઓના તમામ ગોડાઉન અને હાઈવે ઉપર આવેલ તમામ હોટલની ૯ ટીમો બનાવી કોમ્બીંગ કરવામાં આવ્યું હતું.

## ૯ ટીમ બનાવીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું



અંકલેશ્વરના પાનોલી વિસ્તારમાં સુરત- ભરૂચની ટીમ દ્વારા દારૂના વેપલા અંગે કોમ્બિંગ હાથ ધરાયુ હતુ.

આ ભારતીય બનાવાટના વિદેશી દારૂના વેપલાની ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવા માટે ભરૂચ ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલની સૂચના અનુસાર ૯ ટીમ બનાવીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અને દરેક ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવા માટે પ્રયત્ન કર્યા છે. પ્રોહીબિશનના કેસ પણ કરવામાં આવ્યા છે. આગામી દિવસમાં પણ આ પ્રવૃત્તિ ચાલુ રહેશે. આ ટીમમાં ભરૂચ એલસીબી એસઓજી અને અંકલેશ્વરની ટીમ પણ સામેલ હશે.

નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ

## ખેપિયાઓને અનલોડિંગના સ્થળથી દૂર રખાતા હતા

ખાસ કોડવર્ડના ઉપયોગથી વાતચીત વગર દારૂની ડિલિવરી લેવાતી હતી. ખેપિયાઓ દારૂના કટિંગના સ્થળ વિશે જાણે નહીં તે માટે પાનોલીની હોટલ લેન્ડમાર્કના કમ્પાઉન્ડમાંથી બુટલેગરના માણસો ટ્રક ચાલક અને ક્લીનર પાસેથી ટ્રક લઈ અન્ય સ્થળે લઈ જઈ અનલોડીંગ કરી ખાલી ટ્રક પરત કરતા હતા.

## સુરત રૂરલ પોલીસે ખેપિયાઓને રિહર્સલ કરાવ્યું



બુટલેગરના માણસો ટ્રક કઈ દિશામાં લઈ જઈ ખાલી કરતા હતા તે જાણવા સુરત રૂરલ પોલીસે પ્રયાસ હાથ ધર્યા હતા. કોસંબા પોલીસે ઝપાયેલા બે ખેપિયાઓને પાનોલી નજીક આવેલી હોટલ લેન્ડ માર્ક પાસે લાવી રિહર્સલ દ્વારા બુટલેગરોની મોડ્સ ઓપરેન્ડી જાણવાનો પ્રયાસ કર્યો હતો.

## ૧૫ મે ના રોજ દારૂનો જથ્થો ઝડપાયો હતો

૧૫ મેના રોજ કોસંબા પોલીસે ૨૫ લાખ ૭૨ હજાર રૂપિયાની ૧૫૦૦૦ બોટલ દારૂ સાથે ટ્રક ચાલક હરદયાળસિંહ અને ક્લીનર કુશળસિંહની ધરપકડ કરી હતી. તપાસ દરમ્યાન અંકલેશ્વરના બુટલેગર જીગો ઉર્ફે જીગ્નેશ કિરીટભાઈ પરીખ અને દિવ્યેશ કાલરિયા દ્વારા દારૂનો જથ્થો મંગાવાયો હોવાનું બહાર આવ્યું હતું.

**DATE: 20/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# આલુંજ ગામેથી ગૌમાંસ અને ગૌવંશ સાથે ત્રણ ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વર તાલુકાના આલુંજ ગામની સીમમાં એક ખેતર માં ગૌ વંશને ક્રૂરતા પૂર્વક બાંધી રાખી ગૌ વંશનું કતલ થતું હોવાની માહિતી ના આધારે પાનોલી પોલીસે સ્થળ ઉપર દરોડા પાડી ૩૧ જેટલાં ગૌવંશને શખ્સો ની ચુંગાલ માંથી મુક્ત કરાવી ૨૬૦ કિલો ગ્રામ ગૌમાંસ સાથે ત્રણ શખ્સો ની ધરપકડ કરી છે.

પાનોલી પોલીસે આલુંજ ગામની સીમમાં બાવળી ખાંચા માં એક ખેતર માં ગૌવંશ નું કતલ ચાલી રહયું હોવાની મળેલી માહિતી ના આધારે સ્થળ રેડ કરતા ગૌવંશ ની કતલ કરતા આલુંજ ગામના આશિફ અબ્દુલ સુલેમાન જોગીયાત, સુલેમાન ઈકબાલ સુલેમાન જોગીયાત તેમજ પાનોલીના સલમાન સઈદ અહેમદ કાલુ દીવાન ની ધરપકડ કરી હતી. સ્થળ ઉપરથી ૨૬૦ કિલોગ્રામ ગૌમાંસ ,તેમજ કતલ કરવાના સાધનો, વજન કાંટો ,બે મોટરસાયકલ, ત્રણ નંગ મોબાઈલ ,એક પીકઅપ વાન સહિત ૩૧ નંગ ગૌવંશ મળી કુલ ૪.૮૯, લાખ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



**DATE: 20/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાંથી મહિલા બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ ની ટીમ ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન નંબર 862 માં તપાસ કરતા દારૂની નાની મોટી 14 બોટલ મળી આવી હતી. પોલીસે કુલ 3,200 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ હંસા પરમારની ધરપકડ કરી વધુ તપાસ આરંભી હતી. તે દારૂ ક્યાંથી લાવી હતી તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

**DATE: 20/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# કામરેજમાં છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.એન.ભરવાડ અને તેમની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં ફરતા હતા. તે સમયે ખાનગી બાતમી આધારે કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ આરોપી જેરામ પટેલ વિશે માહિતી મળી હતી. આરોપી અંકલેશ્વર તાલુકાના નવા તરીયા ગામનો રહેવાસી છે. પોલીસે અંકલેશ્વર શહેરના ભરૂચી નાકા વિસ્તારમાંથી તેને ઝડપી પાડયો છે.

**DATE: 20/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ઝઘડિયાના હિંગોરીયાના યુવાનો સામે ફરિયાદ

# યુવતીને છેડનારા 3 આરોપી જેલના સળિયાઓ ગણશે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના એક ગામમાં રહેતી યુવતી થોડા દિવસ પહેલા એક ગામે લગ્ન પ્રસંગમાં ગઈ હતી, તે દરમિયાન રાતના સાડા નવ વાગ્યાના અરસામાં હિંગોરીયા ગામનો જયદીપ વસાવા ત્યાં આવ્યો હતો અને તેને કહ્યું હતુ કે મારે તારી સાથે બોલવું છે. એમ કહીને યુવતીને તેની સાથે આડો સંબંધ બાંધવા જણાવ્યું હતું.

યુવતીએ આ યુવકને જણાવ્યું હતું કે મારે તારી સાથે સંબંધ નથી રાખવો. ત્યારબાદ પણ આ યુવક યુવતીને ત્રાસ આપતો હતો. ત્યારબાદ યુવતીના ભાઈ સાથે આ યુવક અને અન્ય બે ઈસમોએ ઝઘડો કરીને માર માર્યો હતો. આખરે યુવતીએ જયદિપ વસાવા, જતીન વસાવા તેમજ બિપિન વસાવા તમામ રહે.ગામ હિંગોરીયા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 21/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# ભરૂચના 7X કોમ્પ્લેક્સ પાછળ ચાલી રહેલું જુગારધામ ઝડપાયું

ભરૂચ: ભરૂચ એ-ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પ્રોહિબિશન ડ્રાઈવના પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, ભરૂચના સેવન એક્સ કોમ્પ્લેક્સ પાછળ રતન તળાવની ખાડી વાળી જગ્યામાં જુગારધામ ચાલી રહ્યું છે. જેના આધારે પોલીસે સ્થળ પર રેડ પાડી હતી. પોલીસે તમામની જડતી લેતાં રોકડા રૂ.૭ હજાર તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૧૨ હજારથી વધુનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા આકીબ ફરીદ શેખ, મીન્હાજ યુનુસ પટેલ અને મોહસીન સલીમ સૈયદને ઝડપી પાડ્યા હતા.

## શિતલ સર્કલ પાસે એલસીબીએ પકડ્યાં

# વિદેશીદારૂની હેરાફેરી કરતું દંપતિ ઝડપાયું

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચ એલસીબીના કોન્સ્ટેબલ વિશાલને ચોક્કસ બાતમી મળતી હતી કે, અંક્લેશ્વર તરફથી એક દારૂ ભરીને આવતી કારમાં વિદેશીદારૂની હેરાફેરી થનાર છે. જેના પગલે ટીમે નર્મદા મૈયા બ્રીજથી ભરૂચ ઉતરવાના રસ્તા પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની કાર આવતાં ટીમે તેને રોકી તપાસ કરતાં ડ્રાઈવર સીટ પર ભરૂચના ફુરજા રોડ પર આવેલાં નારિયેલી બજાર ખાતે રહેતાં સિદીક કાસમ શેખ તેમજ તેની બાજુમાં તેની પત્ની હાજરા બેઠી હતી. ટીમે કારમાં તપાસ કરતાં પાછળની સીટ પર કાળાકલરના કપડાંથી કાંઈક સંતાડેલું જણાતાં તેમણે તપાસ કરતાં તેમણે વિદેશીદારૂની બોટલોના બોક્ષ સંતાડેલાં જણાયાં હતાં. જેના પગલે ટીમે દારૂનો મુદ્દામાલ ગણતાં તેમની કારમાં કુલ 1.05 લાખની મત્તાની 588 બોટલો મળી આવી હતી. જે અંગે તેમણે પુછપરછ કરતાં તેમણે કબુલ્યું હતું કે, તેના મોબાઈલમાં રહેલાં વાલીયા કીમ નામની સેવ કરેલાં નંબર પર સંપર્ક કરતાં તેઓને કિમ પિપોદરા પાસે રંગોલી ચોકડી પર બોલાવ્યાં હતાં. જ્યાંથી તેઓએ તેમની કાર લઈ જઈ તેમાં દારૂ ભરી લાવી કાર સોંપી હતી.જે અંભેઠા ગામના પ્રભાત પ્રવિણ ગોહિલને સોંપવાનો હતો.